**દમણ, વાપી, પારડી, વલસાડ, સેલવાસ, ભીલાડ તથા સંજાણના સાથે દિલ્હી તથા થાણેમાં ઘરફોડ ચોરીને અંજામ આપ્યો**

# ઘરમાં ઘૂસી ચોરી કરતી ગેંગના 4 ઝડપાયા

**ઘરમાંથી** મોબાઇલ, લેપટોપ તથા ગેજેટ્સની ચોરી કરી એડ્રેસ પૂછવાના બહાને ફરાર થઈ જતા હતા

**દમણ** પોલીસે આરોપીઓ પાસેથી કુલ 13.38 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો



### પોલીસે આરોપીઓ પાસેથી મોટો મુદ્દામાલ કર્યો કબ્જે

મોંઘાદાટ મોબાઇલ ફોન, લેપટોપ તથા અન્ય ગેજેટ્સની ચોરીના ગુનામાં પોલીસે જીવા મુન્યાપા (ઉં. ૨૪), આર્ય અજ્ઞ્યાપાન (ઉં. ૧૯), મુન્યાપા બલરાજ (ઉં. ૪૪) અને મુન્યાપા મુરગન (ઉં. ૩૧ ચારેય રહેવાસી કાલારામ પ્રજાપતિની ચાલ, ટાંકી ફળિયા વાપી, મૂળ રહે. તમિલનાડુ) પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી 50 નંગ બ્રાન્ડેડ મોબાઇલ ફોન, 4 લેપટોપ, 2 કાંડા ઘડિયાળ અને 1 ટેબ્લેટ મળી 13.38 લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દમણ : વહેલી સવારે લોકોના ઘરમાં ઘૂસી ચોરી કરતી ગેંગના 4 આરોપીઓની દમણ પોલીસે ધરપકડ કરી છે. પકડાયેલા ચોરો પાસેથી પોલીસે 13.38 લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

17 એપ્રિલે ફરિયાદી દ્વારા નાની દમણ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવી હતી કે, તેમના ઘરમાંથી વહેલી સવારે તેઓ જાગ્યા અને જોયું તો એપલ મોબાઈલ ફોન, 2 મેકબૂક, એપલ એરપોડ તમામની અંદાજિત કિંમત 5.78 લાખ જેટલાની ચોરી થઈ હતી. આ ફરિયાદ મળતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. જેમાં નાની દમણમાં પી.એસ.આઈ. જીગ્નેશ પટેલ તથા ટીમે 120 સી.સી.ટીવી કેમેરા ફૂટેજની તપાસ કરતા વાપી રેલવે સ્ટેશન વિસ્તાર પાસે શંકાસ્પદ માણસોની હિલચાલ જોવા મળી હતી. જેના આધારે પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું કે, આ કામના શંકાસ્પદ માણસો વાપીના તળાવ ફળિયા નજીક એક ચાલમાં રહેતા હોય પોલીસે છાપો પાડી 4 આરોપીઓને પકડી પોલીસ મથકે લાવી સઘન પૂછપરછ કરતા આરોપીઓએ તેમનો ગુનો કબૂલ કર્યો હતો.

### પકડાયેલા ચોરોની ચોરી કરવાની રીત જ આખી અલગ હતી

ચોરોની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું કે, આરોપીઓએ કોઈ ઘર કે બંગલાના દરવાજાને તોડીને તેમાં પ્રવેશી ચોરી કરતા ન હતા. પણ વહેલી સવારે લોકો પોતાના ઘરના બારણાં કે બારીઓ ખોલીને રાખતા હોય છે તેવા જ ઘરોને ટાર્ગેટ કરતા હતાં અને બિલાડી પગે ઘરમાં પ્રવેશી મોંઘી ચીજવસ્તુઓ ચોરી જતા હતાં. જો કોઈ ઘરમાં બહાર જતી વખતે કોઈ રહીશને દેખાઈ જાય તો તેઓ તમિલ ભાષામાં એક બીજા સાથે વાતો કરી એડ્રેસ પૂછવાનો ડોળ કરતા હતા અને ખોટા રસ્તે આવી ગયા છે એવું સામેવાળાને કહી ત્યાંથી શાંતિથી નીકળી જતા હતાં. આમ આરોપીઓ ખુલ્લા ઘરને જ ટાર્ગેટ કરી ચોરીને અંજામ આપતા હતાં. અત્યાર સુધીમાં ચોરોએ દમણ, વાપી, પારડી, વલસાડ, સેલવાસ, ભીલાડ તથા સંજાણના વિવિધ વિસ્તારમાં ચોરીને અંજામ આપી ચૂક્યા છે. સાથે રાજધાની દિલ્હી તથા મહારાષ્ટ્રના થાણે શહેરના પોલીસ મથકે પણ ઘરફોડ ચોરીના ગુના દાખલ થવા પામ્યા છે.

# વલસાડમાં કેરીના રસમાંથી માખી નીકળતા હોબાળો



**સંચાલકોએ** દાદાગીરી કરી ગ્રાહકનો મોબાઈલ ઝૂંટવી ધાકધમકી આપ્યાની કલેક્ટરને ફરિયાદ

### લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા સંચાલકો સામે પગલાં લેવાય

આ મામલે પીડિત ગ્રાહકે આજે વલસાડ કલેક્ટર, ચીફ ઓફિસર અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને પત્ર લખીને ન્યાયની માંગ કરી છે. જેમાં રસ કેન્દ્ર પર પડેલા કેરીના કેરેટ અને સ્ટોકનું નિરીક્ષણ કરવામાં આવે. લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા સંચાલકો સામે કાયદેસરના પગલાં લેવાય. ગ્રાહક સાથે થયેલી ગેરવર્તણૂક અને મોબાઈલ ઝૂંટવી લેવા બદલ યોગ્ય કાર્યવાહી થાય.

વલસાડ : વલસાડમાં સીઝનલ કેરીના રસના વેચાણ વચ્ચે ગંભીર બેદરકારી અને ગ્રાહક સાથે ગેરવર્તણૂકનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગંજબજારના રસ કેન્દ્ર પરથી ખરીદેલા રસમાંથી માખી નીકળતા ગ્રાહકે ફરિયાદ કરી હતી, જેના બદલામાં સંચાલકોએ દાદાગીરી કરી ગ્રાહકનો મોબાઈલ ફોન ઝૂંટવી લીધો હોવાના આક્ષેપ સાથે જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

ધનભુરા રોડ પર રહેતા ઝોયેબ તૈયબઅલી વોરાએ ગંજબજારના ભાનુ રસ કેન્દ્ર' પરથી ૫૦૦-૫૦૦ ગ્રામના રસના બે પેકેટ ખરીદ્યા હતા. ઘરે જઈને જોતા રસમાંથી માખી નીકળી હતી.

આ બાબતે જ્યારે ગ્રાહક દુકાન પર પરત જઈને રજૂઆત કરી, ત્યારે દુકાનદારે ભૂલ સ્વીકારવાને બદલે ઉદ્ધત વર્તન કર્યું હતું. તેઓ આ ગંદકીનો વિડીયો ઉતારી રહ્યા હતા ત્યારે ત્યાં મહિલાએ તેમનો મોબાઈલ ઝૂંટવી લીધો હતો.

અન્ય વ્યક્તિઓએ ભેગા મળીને ગ્રાહકને ધમકાવ્યો હતો અને પોલીસ બોલાવવાની ધમકી આપી દાદાગીરી કરી હતી.

ગ્રાહકે આક્ષેપ કર્યો છે કે, પુરાવા નાશ કરવા માટે તેમનો ફોન છીનવી લેવામાં આવ્યો હતો.

# અહો આશ્ચર્યમ !વલસાડ પાલિકાના COની કાર જપ્તીની નોટિસ

**પાલિકાએ** શોપિંગ સેન્ટર રિનોવેશનના બિલની ચૂકવણી ન કરતાં મામલો કોર્ટમાં પહોંચ્યો હતો

**કોર્ટે** પાલિકાની જંગમ મિકલતો જપ્ત કરવાનો હુકમ કર્યો

વલસાડ : વલસાડ પાલિકા સમગ્ર ગુજરાતની પાલિકાઓમાં ગેરવહીવટ માટે બેનમુન નમુનો છે. અહીં ભંગાર ચોરીની ઘટના હોય કે, સોફ્ટવેર કૌભાંડ હોય, તેમનો વહીવટ અનેક ભ્રષ્ટાચારી તેમજ મૂર્ખોને પણ સારા કહેવડાવે એવો છે.

તાજેતરમાં જ પાલિકાના ગેરવહીવટના કારણે શોપિંગ સેન્ટરનું રિનોવેશન કરનારાનું ચૂકવણું ન થયું હતુ. જેના પગલે કોન્ટ્રાક્ટર પાલિકાને કોર્ટમાં લઇ જતાં કોર્ટે તેના બાકી માંગણાને 12 ટકા વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કરવા છતાં પાલિકાએ તેની ચૂકવણી ન કરતાં કોર્ટે ચીફ ઓફિસરની કાર સહીતની જંગમ મિલકતો જપ્ત કરવાની નોટિસ કાઢી છે.

વલસાડ નગરપાલિકામાં શોપિંગ સેન્ટરનું કામ કરતા ઘનશ્યામ કન્સ્ટ્રક્શન કંપનીને પાલિકાએ વર્ષ 2019 નું બિલનું પૂરું ચુકવણું કર્યું ન હતું. જેના પગલે કંપનીના સંચાલક રાવજીભાઇ વેકરિયાએ તેમની સામે આર્બિટ્રેશનમાં ફરિયાદ કરી હતી. જેમાં તેમના બાકી રૂપિયા 23.19 લાખ 12 ટકાના વ્યાજ સાથેની ચૂકવણી કરવાનો હુકમ કર્યો હતો. જોકે, પાલિકાએ તેનું પણ પાલન ન કરતાં તેમણે આ મામલે વલસાડના વકીલ આકિબ મલેક મારફતે વલસાડની કોર્ટમાં કેસ કર્યો હતો. જેમાં તેમણે પાલિકાની જંગમ મિલકતો જપ્ત કરવાનો વોરંટ ઇસ્યુ કરવા પણ અરજી કરી હતી. જેની સૂનાવણી બાદ આ મામલે કોર્ટે પાલિકાની જંગમ મિલકતો જેમાં ચીફ ઓફિસરની કાર સહિતના સાધનો જપ્તીની નોટિસ કાઢી છે. જોકે, આ અંગે ચીફ ઓફિસરે કોર્ટને જણાવ્યું કે, કોન્ટ્રાક્ટરના બાકી ચૂકવણાનો નિર્ણય સામાન્ય સભામાં લેવામાં આવશે. તેમની પાસે તેની સત્તા નથી. જેના જવાબ બાદ જપ્તીની નોટિસ હાલ પુરતી અટકી છે.

# ડાભેલના ખેતરમાં ભડકેલી જ્વાળાઓ રહેણાંક વિસ્તારમાં ધસી આવી

**ડાભેલમાં** બપોરે લાગેલી આગે પળવારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં હાહાકાર



નવસારી : જલાલપોર તાલુકાના ડાભેલ ગામ નજીક બપોરના સમયે લાગેલી આગે પળવારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આસપાસના વિસ્તારમાં હાહાકાર મચી ગયો હતો. વેસ્મા-મરોલી માર્ગ પાસે આવેલા ખેતરમાં અચાનક ભભૂકેલી આગ પવનના ઝોકા સાથે ઝડપથી ફેલાતી રહી અને નજીકના રહેણાંક વિસ્તારો સુધી પહોંચી ગઈ હતી.

ટ્વીન સિટી સેવન આસપાસ શરૂ થયેલી આ આગ એટલી તેજીથી ફેલાઈ હતી કે તેની જ્વાળાઓ સોસાયટીની સીમા સુધી આવી પહોંચી, જેને કારણે રહીશોમાં ભયનો માહોલ સર્જાયો હતો. કેટલાક સમય માટે આગ ઘરો સુધી પહોંચવાની ભીતિ ઊભી થતા સ્થાનિકોમાં અફરાતફરી જેવી સ્થિતિ સર્જાઈ હતી.

પરિસ્થિતિની ગંભીરતાને જોતા તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ટીમ સ્થળ પર પહોંચતા જ આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી દીધી હતી. ભારે મહેનત અને સતત પ્રયાસો બાદ લગભગ એક કલાકમાં આગ પર નિયંત્રણ મેળવી લેવામાં આવ્યું હતું. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ આગને કારણે ખેતર વિસ્તારમાં નુકસાન થયાનું અનુમાન છે. સમયસર મળેલા કાબૂને કારણે મોટી દુર્ઘટના ટળી હોવાનું માનવામાં આવે છે.

આ ઘટનાએ આસપાસના વિસ્તારોમાં ચિંતા અને ચર્ચાનો માહોલ ઊભો કર્યો છે, જ્યારે આગ લાગવાના કારણોની તપાસ ચાલુ કરવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીના નેવરાલી ગામમાં શાકભાજી કલેક્શન સેન્ટરની સ્થાપના



વાપી : વેલસ્પન ફાઉન્ડેશન દ્વારા તેની ફ્લેગશિપ 'વેલનેતૃત્વ' પહેલ અંતર્ગત ખેડૂતોને સશક્ત બનાવવા અને ગ્રામીણ આજીવિકાને મજબૂત બનાવવા માટે એક વધુ મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. આ પ્રયાસના ભાગરૂપે વાપીના નેવરાલી ગામમાં 'પ્રગતિ પ્રોડ્યુસર ગ્રુપ' દ્વારા શાકભાજી કલેક્શન સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. આ સેન્ટરના માધ્યમથી ખેડૂતોને ટકાઉ બજાર મળશે અને સુવ્યવસ્થિત સપ્લાય ચેઇન સુધી તેમની પહોંચ સરળ બનશે. આ કેન્દ્ર તાજા શાકભાજીના મુખ્ય એકત્રીકરણ પોઈન્ટ તરીકે કામ કરશે, જ્યાંથી ખેડૂતો સીધા જ ખરીદદારો સાથે સંપર્ક કરી શકશે. ઉદ્ઘાટન પ્રસંગે વેલસ્પન ફાઉન્ડેશન દ્વારા ગ્રામીણ સ્તરે સમુદાય આધારિત ઉદ્યોગો વિકસાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ફાઉન્ડેશને આ પ્રસંગે જણાવ્યું હતું કે, આવી પાયાની પહેલો ખેડૂતોની આવક વધારવામાં અને ગામડાઓમાં લાંબા ગાળાની આર્થિક સ્થિરતા લાવવામાં પાયાની ભૂમિકા ભજવે છે. ગ્રામીણ સશક્તિકરણ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા સ્પષ્ટ કરતા ફાઉન્ડેશને ઉમેર્યું હતું કે, સંગઠિત બજાર અને સતત માર્ગદર્શન દ્વારા આ પ્રોજેક્ટ આગામી સમયમાં ગ્રામીણ વિકાસમાં સકારાત્મક પરિવર્તન લાવશે. આ કાર્યક્રમમાં પ્રોજેક્ટ ગ્રુપના સભ્યો તેમજ નેવરાલી અમલીકરણ ટીમ હાજર રહી હતી, જે આત્મનિર્ભર અને સશક્ત ગ્રામીણ વ્યવસ્થા ઊભી કરવા માટેના સહિયારા પ્રયાસો દર્શાવે છે.

### વાપી ચણોદથી દેશી પિસ્તોલ સાથે મહારાષ્ટ્રનો ઈસમ ઝડપાયો



વાપી : વાપી ચણોદમાં રહેતો અને મહારાષ્ટ્રનો વતની દેશી પિસ્તોલ સાથે એસઓજીના હાથે ઝડપાઈ ગયો હતો. પકડાયેલો ઈસમ સામે અગાઉ પણ વાપી ઉદ્યોગનર પોલીસ મથક અને મહારાષ્ટ્ર અમરાવતી જિલ્લાના સીટી કોટવાલી અને રાજાપેઠ પોલીસ સ્ટેશન મળી 4 ગુનાઓ નોંધાયેલા છે. વલસાડ જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ SOG ટીમ વર્કઆઉટમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે વાપી નજીકના ચણોદ ગામ, દેસાઈવાડ, આરાધના સ્કૂલની આગળ, જે.કે.હેપ્પી હોમની ખુલ્લી જગ્યામાં વર્ણવેલા ઈસમ યોગેશ ઉર્ફે બાલા મહેન્દ્રસીંગ પરદેશી (ઉં.25, રહે. ચણોદ ગામ, માનસી કોમ્પ્લેક્સ, વાપી, મૂળ મહારાષ્ટ્ર) ને અટકાવી અંગઝડતી કરતા તેની પાસેથી પાસપરમીટ વિનાની દેશી હાથ બનાવટની પિસ્ટલ (કિંમત આશરે 45 હજાર) મળી આવી હતી અને તેણે કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

### ખેરગામમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ



ખેરગામ : ખેરગામમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન ખેરગામ પોલીસ મથકના પીઆઈ પીનલ ચૌધરી દ્વારા ઉપસ્થિત આગેવાનોને ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા, મતદારોમાં જાગૃતિ લાવવા તથા કોઈપણ પ્રકારની અફવાઓથી દૂર રહેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે સહકારની ભાવનાથી ચૂંટણીને સફળ બનાવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ગામના સરપંચ ઝરણા પટેલ, ડેપ્યુટી સરપંચ જીગ્નેશ પટેલ, રામજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ સંજય ગજ્જર, બ્રહ્મ સમાજના પ્રમુખ અંકુર શુક્લ, મુસ્લિમ સમાજના અગ્રણી સાજિદ શેખ, વહોરા સમાજના પ્રમુખ ફિરોઝ વોહરા તેમજ મસ્તાન વોહરા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. બેઠકમાં તમામ આગેવાનો દ્વારા ચૂંટણીને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા માટે પોલીસને પૂર્ણ સહકાર આપવાની ખાતરી આપવામાં આવી હતી.


## સંક્ષિપ્ત સમાચાર

### બીલીમોરામાં નવી કારથી સ્ટંટબાજી કરનારા નબીરાએ ઝડપાયા




બીલીમોરા : સોમનાથ મંદિરના મેદાનમાં સોશિયલ મીડિયામાં રીલ્સ બનાવી ફોલોઅર્સ વધારવા માટે ૧૦ જેટલી સ્કોર્પિયો કાર સાથે ખતરનાક સ્ટંટ કરનારા યુવાનોને બીલીમોરા પોલીસે કાયદાનું ભાન કરાવ્યું છે. ગણતરીના કલાકોમાં જ પોલીસે તમામ ચાલકોની અટકાયત કરી તેમની ગાડીઓ પરની ગેરકાયદે બ્લેક ફિલ્મ સ્થળ પર જ દૂર કરાવી હતી. પોલીસ પૂછપરછમાં યુવાનોએ જણાવ્યું હતું કે, મિત્રએ નવી સ્કોર્પિયો ખરીદી હોય તેઓ બીલીમોરાના સોમનાથ મંદિરે દર્શન કરવા આવ્યા હતા, જ્યાં ઉત્સાહમાં આવી જઈ તેમણે જોખમી સ્ટંટ કર્યા હતા. જોકે, પોલીસે આ કેફિયત ગ્રાહ્ય રાખ્યા વગર જાહેર જનતાની સુરક્ષા જોખમમાં મૂકવા બદલ તમામ ચાલકોને તોતિંગ દંડ ફટકાર્યો હતો. સાથે જ ભવિષ્યમાં આવી ભૂલ કરવા પર લાયસન્સ રદ કરવાની કડક ચેતવણી પણ આપી હતી.

### ડાંગનાં શિવારીમાળ ગામ નજીક સામાન ભરેલી ટ્રક પલ્ટી




સાપુતારા : મહારાષ્ટ્રનાં નાસિક તરફથી માલસામાનનો જથ્થો ભરી રાજસ્થાન તરફ જઈ રહેલી ટ્રક નં. આર.જે.13.જી.સી.9631 જે સાપુતારાથી વઘઇને જોડતા આંતર રાજ્ય ધોરીમાર્ગનાં શિવારીમાળ ગામ નજીક ચાલક દ્વારા અચાનક સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી દેતા ટ્રક માર્ગની સાઈડમાં પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં માલ સામાનનાં જથ્થા સહીત ટ્રકને જંગી નુકસાન થયુ હતુ. જ્યારે ચાલક અને ક્લીનરને નાની મોટી ઈજાઓ પહોચવાની સાથે તેઓનો ચમત્કારિક બચાવ થયેલો હોવાની વિગતો સાંપડેલી છે.

### બીલીમોરામાં જુગાર રમતા પાંચ ઝડપાયા

બીલીમોરા : બીલીમોરાના ઓરિયા મોરિયા વિસ્તારમાં આવેલી અર્બન હેલ્થ હોસ્પિટલની સામે નવી ગટર પાસેની ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી પાંચ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પોલીસની રેડ દરમિયાન પકડાયેલા શખ્સોમાં રાજેશ ઉર્ફે છનીયો નાયકા (રહે ભવાની મહોલ્લો), જીગ્નેશ પટેલ (રહે. તલોધ), રાજેશ છનાભાઇ રાઠોડ, અભય ચંદ્રકાન્ત પટેલ અને અમિત રમેશભાઇ કુકણા (રહે. ઓરિયા મોરિયા બીલીમોરા) ગંજીપાના ઉપર તીન-પત્તીનો હાર-જીતનો જુગાર રમતા પકડાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી દાવ ઉપરના રોકડા રૂપિયા ૧૨૦૦ તથા અંગઝડતીમાંથી મળેલા રૂપિયા ૯૨૦૦ મળી કુલ રૂપિયા ૧૦,૪૦૦નો મુદ્દામાલ અને ગંજીપાના જપ્ત કર્યા છે. પોલીસે આ પાંચેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ડાંગ જિલ્લામાં કાળઝાળ ગરમીનો પ્રકોપ, વઘઈમાં પારો ૪૨ ડિગ્રીને પાર




સાપુતારા : સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઉનાળાની શરૂઆતે જ સૂર્યદેવ આકરા પાણીએ જોવા મળી રહ્યા છે, ત્યારે પ્રકૃતિના ખોળે વસેલા ડાંગ જિલ્લામાં પણ ગરમીનો ભારે પ્રકોપ જોવા મળી રહ્યો છે. તાજેતરના હવામાનના આંકડા મુજબ, જિલ્લાના પ્રવેશદ્વાર ગણાતા વઘઈ પંથકમાં ગરમીનું મોજું ફરી વળ્યુ છે. વઘઈમાં મહત્તમ તાપમાન 42 C નોંધાતા સ્થાનિક લોકો સહિત પ્રવાસીઓ પણ અકળાઈ ઉઠ્યા હતા. અહીં દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાન 23 C થી મહત્તમ 43 C વચ્ચે રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જિલ્લાના અન્ય વિસ્તારોની વાત કરીએ તો, વહીવટી મથક આહવા, સુપ્રસિદ્ધ હિલ સ્ટેશન સાપુતારા અને સુબીર પંથકમાં પણ તાપમાનનો પારો 39 C સુધી પહોંચી ગયો છે. સામાન્ય રીતે સાપુતારામાં ઠંડકનો અનુભવ થતો હોય છે, પરંતુ હાલમાં ત્યાં પણ 'મોસ્ટલી ક્લિયર' આકાશ સાથે ગરમીનો પારો 39 ડિગ્રીને સ્પર્શી રહ્યો છે, જે પ્રવાસીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. આહવા અને સુબીરમાં સરેરાશ લઘુત્તમ તાપમાન 24 C અને મહત્તમ 40 C ની આસપાસ રહેવાની શક્યતા છે. બપોરના સમયે ગરમ પવનો ફૂંકાવાને કારણે રસ્તાઓ સૂમસામ જોવા મળી રહ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા પણ નાગરિકોને આકરી ગરમીમાં સાવચેત રહેવા અને પૂરતા પ્રમાણમાં પ્રવાહી લેવા માટે સૂચના આપવામાં આવી છે. આગામી દિવસોમાં હજુ પણ તાપમાનમાં વધારો થવાની શક્યતા સેવાઈ રહી છે, જેના કારણે ડાંગના ગાઢ જંગલોમાં પણ ગરમીની અસર વર્તાઈ રહી છે.

# સંજાણમાં કારમાંથી દારૂના જથ્થા સાથે ચાર પકડાયા

ઉમરગામ : સંજાણમાં કારમાંથી રૂપિયા 26,400 ની કિંમતનો દારૂનો જથ્થો પકડાયો છે અને ચાર જણાની ધરપકડ કરવામાં આવી છે. દારૂનો જથ્થો લગ્ન પ્રસંગ હોય લઈ જવામાં આવી રહ્યો હતો. ઉમરગામ પોલીસને બાતમી મળી હતી કે એક મારુતિ કાર મહારાષ્ટ્ર આમગામ તરફથી આવી રહી છે અને નારગોલ તરફ જવાની છે. આ કારમાં દારૂનો જથ્થો ભરેલો છે. બાતમીના આધારે પોલીસ બુધવારે સાંજના સમયે સંજાણ ઓવરબ્રિજ ઉપર ઉમરગામ જતા રોડ ઉપર સંજાણમાં કારને અટકાવી તપાસ કરતા કારમાંથી બીયરનો જથ્થો કિંમત રૂપિયા 26,400 દારૂનો જથ્થો મળી આવતા કારનો ચાલક સ્મિત હોડીવાલા (રહે નારગોલ બંદર), વિવેકકુમાર માછી (નારગોલ બંદર), કરણકુમાર ટંડેલ (રહે નારગોલ) અને અશ્વિન ટંડેલ (મોટી દમણ)ની અટક કરી હતી. અને માલ ભરાવનાર ગુડ્ડુને વોન્ટેડ જાહેર કર્યો હતો.

# વલસાડ - ખડગપુર વચ્ચે વિશેષ ભાડા સાથે સ્પેશિયલ ટ્રેન દોડાવાશે

વલસાડ : યાત્રીઓની સુવિધા અને મુસાફરીની વધતી માંગને પહોંચી વળવા તેમજ વધારાની ભીડને નિયંત્રિત કરવાના હેતુથી પશ્ચિમ રેલવે દ્વારા વલસાડ અને ખડગપુર સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવે દ્વારા જાહેર કરાયેલી અખબારી યાદી મુજબ, ટ્રેન સંખ્યા 09043 વલસાડ - ખડગપુર સ્પેશિયલ રવિવાર, 26 એપ્રિલ 2026 ના રોજ વલસાડથી બપોરે 12:50 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે રાત્રે 21:00 વાગ્યે ખડગપુર પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન સંખ્યા 09044 ખડગપુર - વલસાડ સ્પેશિયલ મંગળવાર, 28 એપ્રિલ 2026 ના રોજ ખડગપુરથી સવારે 05:00 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે બપોરે 15:30 વાગ્યે વલસાડ પહોંચશે. આ ટ્રેન બંને દિશાઓમાં ભેસ્તાન, નંદુરબાર, ભુસાવલ, બડનેરા જંક્શન, નાગપુર જંક્શન, ગોંદિયા જંક્શન, દુર્ગ જંક્શન, રાયપુર જંક્શન, બિલાસપુર, ઝારસુગુડા, રાઉરકેલા જંક્શન, ચક્રધરપુર અને ટાટાનગર સ્ટેશનો પર ઉભી રહેશે. ટ્રેનમાં વાતાનુકૂલિત થર્ડ ક્લાસ, સ્લીપર અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે. ટ્રેન સંખ્યા 09043 નું બુકિંગ આવતીકાલે એટલે કે 24 એપ્રિલ 2026 થી તમામ PRS કાઉન્ટરો અને IRCTC ની વેબસાઈટ પર શરૂ થશે.

# સરપોર પારડીમાં આતંક મચાવતો વાનર આખરે પાંજરે પૂરાયો

**ચાર** વર્ષથી લોકો માટે ત્રાસનું કારણ બનેલું વાનર પકડાતાં હાંસકારો

નવસારીઃ નવસારી જિલ્લાના સરપોર પારડી ગામમાં છેલ્લા ચાર વર્ષથી સ્થાનિક લોકો માટે ત્રાસનું કારણ બનેલો વાનર આખરે પકડાઈ જતા ગામમાં રાહતનો શ્વાસ ફેલાયો છે. વારંવારના ઉપદ્રવથી ત્રસ્ત ગ્રામજનોએ આજે સમયસૂચકતા દાખવીને આ લંગુરને કાબૂમાં લેવામાં સફળતા મેળવી હતી.

મળતી માહિતી મુજબ, આજે આ વાનર અચાનક ગામની એક દરજીની દુકાનમાં ઘૂસી ગયો હતો. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થયા અને સાવચેતીપૂર્વક દુકાનનું શટર બંધ કરી વાનરને અંદર જ બંધ કરી દીધો હતો.

ઘટનાની જાણ થતાં જ સામાજિક વનીકરણ વિભાગ (સુપા રેંજ)ની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. વનકર્મીઓએ ગ્રામજનોના સહયોગ સાથે સાવધાનીપૂર્વક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું અને કોઈ પ્રકારની ઈજા પહોંચાડ્યા વગર વાનરને સુરક્ષિત રીતે પાંજરે પૂરવામાં આવ્યો હતો.

વન વિભાગ દ્વારા હવે આ વાનરને યોગ્ય પ્રક્રિયા બાદ સુરક્ષિત જંગલ વિસ્તારમાં છોડવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. આ ઘટનાથી ગ્રામજનોમાં વર્ષો બાદ મોટી રાહતનો માહોલ જોવા મળ્યો